દેશભરમાં આજે રક્ષાબંધન ઉજવણી કરાશે

રક્ષાબંધનનો તહેવાર દરેક ધર્મના લોકો ઉજવે છે : આ દિવસે બહેન ભાઈના રક્ષણ માટે તેમજ લાંબા અને સ્વાસ્થ્યપૂર્ણ જીવન માટે ભગવાનને પૂજા-અર્ચના કરે છે

અમદાવાદ,તા.૧૦

રક્ષાબંધન એટલે ભાઈ-બહેનનો તહેવાર છે. તેનું બીજુ નામ 'બળેવ' છે. રક્ષાબંધન શ્રાવણ મહિનાની પૂનમે આવે છે. તે દિવસે બહેન ભાઈને તિલક કરે છે અને રાખડી બાંધે છે અને મીઠાઈ ખવડાવે છે. ભાઈ બહેનને ભેટ આપે છે. રક્ષાબંધનના દિવસે બ્રાહ્મણો જનોઈ બદલે છે. માછીમારો આ દિવસે નાળિયેર વડે દરિયાની પૂજા કરે છે. તેથી તેને નારિયેળી પૂનમ પણ કહેવાય છે. રક્ષાબંધનનો તહેવાર બધા ધર્મના લોકો ઉજવે છે. આ જ તો એક વિશેષ દિવસ છે જે ભાઈ-બહેનો માટે બનેલો છે. મનુષ્ય જન્મે ત્યારથી તેને કોઈને કોઈ પ્રકારનો ભય તો રહેતો જ હોય છે, અને જ્યાં ભય હોય ત્યાં રક્ષા સ્વયંભૂ પ્રગટ થતી હોય છે. રક્ષાની ભાવના પ્રબળ અને તીવ્ર હોય છે. આ રક્ષણ એટલે અંતરની આશિષનું રક્ષણ, હેતભરી શુભ ભાવનાનું રક્ષણ, અદ્રશ્ય પરમાત્મા અને દેવ-દેવીઓને ગદગદ ભાવે કરેલી પ્રાર્થનાનું રક્ષણ. આવું રક્ષણ અભિમન્યુને કુંતીએ તેને રણમોરચે જતાં પહેલાં રાખડી બાંધી હતી. એવું રક્ષણ પ્રિયજનને આપવા માતાઓ, પત્નીઓ, ભગિનીઓએ રાખડી બાંધ્યાના પ્રસંગો પુરાણોમાં અનેક ઉપલબ્ધ છે. હિંદુ સમાજમાં શ્રાવણી પૂર્ણિમાના દિવસે બધી જ બહેનો પોતાના ભાઈના કાંડે રાખડી બાંધી તેની સર્વ પ્રકારની રક્ષા ઇચ્છે છે. શું રાખડી બાંધીને કોઈની રક્ષા ખરેખર થઈ શકે? મહત્વ રક્ષાબંધનનું નથી, મહત્વ છે અંતરના જે અમી ઘૂંટીને રાખડી બાંધતી વખતે આશીર્વાદ આપે તેનું છે. પૌરાણિક કથા અનુસાર દેવાધિદેવ ઈન્દ્ર દાનવો સામે હારી ગયા ત્યારે ઈન્દ્રાણીએ રાખડી બાંધી રક્ષાબંધનનું વ્રત કર્યું હતું, જેથી ઈન્દ્રે વિજય પ્રાપ્ત કર્યો હતો. "કુંતા અભિમન્યુને બાંધે અમર રાખડી રેપ" અને પછી કૌરવો સામે સાત કોઠાનું યુદ્ધ લડવા મોકલ્યો! મેવાડની મહારાણી કર્મવતીએ હુમાયુને રક્ષાબંધન મોકલી ભાઈ બનાવ્યો ! આજના પવિત્ર દિવસે બલિપૂજન કરીને બલિના હાથે રાખડી બાંધીને લક્ષ્મીજીને પ્રભુને છોડાવ્યા હતા! રક્ષાબંધન એ બહેન માટે પોતાના વહાલસોયા ભાઈ પ્રત્યેની નિષ્પાપ, નિર્મળ અને નિઃસ્વાર્થ ભાવે સેવેલી શુભેચ્છાઓનું અને ત્યાગનું મહામૂલું પવિત્ર પ્રતીક છે.

ગુજરાતનું ગૌરવ એટલે એશિયાટીક લાયન... ભારતમાં માત્ર ગુજરાતમાં જ બચી ગયેલા સિંહોના સંવર્ધન અને વિકાસ માટે રાજ્ય સરકાર સતત રપ્રયત્નશીલ છે અને એટલે જ સિંહોની સંખ્યામાં છેલ્લા કેટલાક વર્ષોમાં સારો એવો વધારો થયો છે. વિશ્વ સિંહ દિવસની ઉજવણી ઠેર ઠેર થઈ રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી આ ઉજવણીમાં સહભાગી થયા હતા અને સિંહોના સંવર્ધન બાબતે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાને પુનઃ વ્યક્ત કરી હતી.

આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદને NAAC મૂલ્યાંકનમાં A++ રેટીંગ

યુનિવર્સિટીને ભાવનગર, પાલનપુર, સુરત અને ભૂજમાં મળેલી જમીનનું ભૂમિપૂજન ૧૩મીએ કરાશે

ગાંધીનગર, તા. ૧૦

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદને NAAC મૂલ્યાંકન અંતર્ગત A++ ગ્રેડ પ્રાપ્ત થતા આ એક્રેડીશન મેળવનાર ગુજરાતીઓને ભારતની પ્રથમ ઓપન યુનિવર્સિટી બની છે. યુનિવર્સિટીની આ સિદ્ધિને મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીએ બીરદાવી હર્ષની લાગણી વ્યક્ત કરી છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી વિદ્યાર્થીઓ વિવિધ વિષયોમાં સર્ટીફિકેટ, ડિપ્લોમાં ડિગ્રી અને અનુસ્નાતક સુધીનો અભ્યાસ કરી શકે છે. વર્ષ ૧૯૯૪માં અમદાવાદ ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો પ્રારંભ થયો છે. દર વર્ષે હજ્જારો વિદ્યાર્થીઓ તેમાં પ્રવેશ મેળવી વિવિધ કોર્સમાં અભ્યાસ કરે છે. ઉચ્ચ માળખાકીય સુવિધાઓ, શિક્ષણની હાઈટેક સુવિધાઓ અને અનુભવી સ્ટાફ જેવા પરિમાણોના આધારે તાજેતરમાં યુનિવર્સિટીને NAAC મૂલ્યાંકનમાં A++ ગ્રેડ પ્રાપ્ત થયો છે. યુનિવર્સિટીને મળેલી આ સિદ્ધિને મુખ્યમંત્રી અને શિક્ષણ વિભાગ દ્વારા બિરદાવવામાં આવી છે. સમગ્ર દેશના વિદ્યાજગતમાં અગ્ર હરોળમાં સ્થાન મેળવી આ યુનિવર્સિટીએ ગુજરાતને ગૌરવ અપાવ્યુ છે. આ યુનિવર્સિટીને પ્રાદેશિક કેન્દ્રો માટે ભાવનગર, પાલનપુર, સુરત અને ભૂજમાં જમીન પ્રાપ્ત થઈ છે. તેનું ભૂમિપૂજન આગામી તા. ૧૩ ઓગષ્ટના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણી અને રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી કુબેરભાઈ ડિંડોરની ઉપસ્થિતિમાં કરવામાં આવશે.

શેઠ સી.એમ. હાઈસ્કૂલ ખાતે રક્ષાબંધન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૦

શેઠ સી.એમ. હાઈસ્કૂલ સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે વિદ્યાર્થીની બહેનો દ્વારા વિદ્યાર્થી ભાઈઓને રક્ષાબંધનનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થિની બહેનોએ વિદ્યાર્થી ભાઈઓને રાખડી બાંધી અને ખુબ સારા માર્કસ સાથે પરીક્ષામાં ઉત્તીર્ણ થાય, ઉત્તમ નાગરિકો બને, શાળા સમાજ અને કુટુંબનું નામ રોશન કરે તેવી ભાવના વ્યક્ત કરી, બહેનોને વચન આપવામાં આવ્યું હતું કે અમે દેશની પ્રગતિમાં અને સમાજ કાર્યોમાં અમારૂ યોગદાન આપી અને ઉચ્ચત્તમ અભ્યાસ નહીં કારકિર્દીનું નિર્માણ કરીશું.

આ પ્રસંગે ભાઈઓએ બહેનોને મીઠું મોઢું પણ કરાવ્યું હતું અને હૃદયદ્રાવક દૃશ્યો સર્જાયા હતા. શેઠ સી.એમ. શાળાના આચાર્ય ડૉક્ટર ચેતનાબેન બૂચ દ્વારા રક્ષાબંધન પર્વનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું તેમજ આ કાર્યક્રમમાં સુપરવાઈઝર મુકેશભાઈ પટેલ, મહેશભાઈ ખોરસ્મા, લાભુભાઈ દેસાઈ, સરોજબેન પ્રજાપતિ વગેરેનો ખુબ સુંદર સહયોગ આપ્યો હતો.

આગથી નૂકશાન પામેલી ગાંધીનગર જિ.પં.ની શાખા માત્ર નવ મહિનામાં નવા રંગરૂપે તૈયાર

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લા પંચાયત ભવનના પ્રથમ માળે કાર્યરત આંકડાશાખા, ડેટા સેન્ટર, આઇ.સી.ડી.એસ. અને ઇ-ગ્રામ કંટ્રોલ યુનિટ સેન્ટરની રૂ. ૩૫ લાખના ખર્ચે નવનિર્મિત કચેરીમાં પંચાયત મંત્રી શ્રી બ્રિજેશ મેરજાએ આજે કાર્યારંભ કરાવ્યો હતો. નવેમ્બર, ૨૦૨૧માં લાગેલી આગમાં આ કચેરીઓને ભારે નુકશાન થયું હતું. માત્ર નવ મહિનાના ટુંકાગાળામાં આ કચેરીઓ કાર્યરત થઈ છે.

જિલ્લા પંચાયત ભવનમાં પ્રથમ માળે આ વિંગમાં બેસતી આંકડા શાખાની કામગીરી ખૂબ મહત્વની છે. આ કચેરી દ્વારા જિલ્લાના તમામ ક્ષેત્રેની વિગતો આંકડાના સ્વરૂપે એકઠી કરવામાં આવે છે. તેની સાથે સાથે દર વર્ષે જિલ્લાની આંકડાકીય રૂપરેખા અને જિલ્લાની સામાજિક-આર્થિક સમીક્ષા નામના બે પુસ્તકો પણ આ શાખા દ્વારા પ્રકાશિત

કરવામાં આવે છે. તેની સાથે સાથે વિલેજ પ્રોફાઈલ પોર્ટલ, બિઝનેશ રજિસ્ટ્રર નોંધણી, લોકલ બોડી એકાઉન્ટની કામગીરી કરવામાં આવે છે. કચેરીની તમામ કામગીરી ઓનલાઈન હોવાથી ડેટાને નૂકશાન થયું ન હતું. તે ઉપરાંત આ વિંગમાં જિલ્લામાં મહત્વની કામગીરી કરતી આઇ.સી.ડી.એસ. શાખા, ડેટા સેન્ટર અને ઇ- ગ્રામ કંટ્રોલની કચેરી બેસે છે. આ તમામ કચેરીઓ પુનઃ હવે, જિલ્લા પંચાયતમાં પ્રથમ માળે નવા રંગરૂપ સાથે કાર્યરત થઈ ગઈ છે.

જ્યોતિ મહિલા મંડળ દ્વારા જેલના કેદીઓને રાખડી અને હૃદયદ્રાવક પત્ર મોકલાયો

ગાંધીનગર, તા. ૧૦

રક્ષાબંધન પર્વની ઉજવણી નિમિત્તે જ્યોતિ મહિલા મંડળ ગાંધીનગર દ્વારા શેઠ સી.એમ. હાઈસ્કૂલની વિદ્યાર્થીની બહેનોએ સાબરમતી સેન્ટ્રલ જેલના કેદી ભાઈઓને રાખડીની સાથે હૃદયદ્રાવક પત્ર લખ્યો હતો તથા તેમાં અપીલ કરીને સારા નાગરિક બનવાનું વચન માગ્યું હતું. શાળાની દીકરીઓએ જેલના કેદીઓ માટે અને તેમના પરિવાર માટે ઈશ્વરને પ્રાર્થના કરી અને દેશના સારા કાર્યોમાં જોડાઈ જવા માટે પણ અપીલ કરી હતી. આ કાર્યક્રમનું સંસ્થાના પ્રમુખ ડૉ. ચેતના બુચ દ્વારા આયોજન અને સંચાલન કરવામાં આવ્યું હતું. જે પ્રસંગે મહિલા મંડળના ઉપપ્રમુખ નીરૂબેન નાયક, મીનાબેન શાહ તેમજ શાળા પરિવારના મુકેશભાઈ પટેલ તથા શિક્ષિકા બહેનો અલ્પાબેન ચૌહાણ, પ્રિયાંગીનીબેન કટારા, શીતલબેન ત્રિવેદી તથા શિક્ષક લાભુભાઈ દેસાઈ, મહેશભાઈ ખોરસ્માનો સહયોગ ખૂબ સારો રહ્યો હતો.

સેક્ટર ૩/ન્યૂ મા શિવશક્તિ મંદિરે શ્રાવણ માસના બીજા સોમવારે "મહાકાલેશ્વર દાદા" મહા આરતી, ફૂલોના શ્રૃંગારનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સેક્ટરના વસાહતી ભાઈ બહેનો મોટી સંખ્યા હાજર રહી આરતી દર્શનનો લાભ લીધો હતો.

રાજ્યમાં હજુ ત્રણ દિવસ વરસાદ પડવાની આગાહી

ગુજરાતભરમાં વરસાદી માહોલ : ૭૫ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ, સૌથી વધુ પોરબંદરમાં સાડા ત્રણ ઈંચ વરસાદ નોંધાયો

અમદાવાદ, તા.૧૦

રાજ્યમાં છેલ્લાં કેટલાંક દિવસોથી વરસાદી માહોલ જામ્યો છે. રાજ્યના અનેક જિલ્લાઓમાં વરસાદે માઝા મૂકી છે. ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં વરસાદે માઝા મૂકી છે. હજુ પણ રાજ્યના કેટલાંક વિસ્તારોમાં વરસાદ પડી રહ્યો છે. ત્યારે રાજ્યના ૭૫ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ જોવા મળ્યો છે. સૌથી વધુ પોરબંદરમાં સાડા ત્રણ ઈંચ વરસાદ નોંધાયો છે. તો મહેસાણાના વીજાપુર અને મહિસાગરના સંતરામપુરમાં અઢી ઈંચ વરસાદ નોંધાયો છે. તો અમદાવાદના કેટલાંક વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદ પડ્યો હતો. ઉપરાંત રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદે ધમધમાટી બોલાવતા ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. ત્યારે હજુ પણ આગામી ત્રણ દિવસ સુધી વરસાદ ધમધમાટી બોલાવે એવી વકી છે. પ્રાપ્ત રિપોર્ટ મુજબ, રાજ્યમાં વરસાદી માહોલ જામ્યો છે અને કેટલાંક વિસ્તારોમાં હજુ પણ વરસાદ વરસી રહ્યો છે. રાજ્યના કેટલાંક વિસ્તારોમાં છૂટોછવાયો તો કેટલાંક વિસ્તારમાં અનરાધાર વરસાદ નોંધાયો છે. જે બાદ કેટલાંય વિસ્તારોમાં વરસાદી પાણી ફરી વળ્યા હતા. અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જતા સ્થાનિક જનજીવન ખોરવાયું હતું. વાહન ચાલકોને પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. તો રાજ્યના ૭૫ તાલુકાઓમાં હાલ નોંધપાત્ર વરસાદ જોવા મળ્યો છે.

રાજ્યમાં કોરોનાના નવા કેસ ૬૭૮

ગાંધીનગર, તા.૧૦

રાજ્યમાં દરરોજ કોરોના કેસમાં વધઘટ જોવા મળી રહી છે. હાલ પણ રાજ્યમાં કોરોનાના કેસ ૬૭૮ નોંધાયા છે. સાવચેતી નહીં રાખો તો હજુ આ અંકડો વધી પણ શકે છે.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૬૭૮ કેસ નોંધાયા છે. જ્યારે કોરોના સંક્રમણથી ૧૦૮૨ દર્દીઓ સાજા થયા છે. ત્યારે રાજ્યમાં કોરોનાથી આજે ચાર દર્દીનું મોત થયા છે. આ સાથે કોરોનાનો રિકવરી રેટ ૯૮.૭૧ ટકા થઈ ગયો છે.

રાજ્યમાં હાલ કુલ દર્દીઓની વિગતો જોઈએ તો રાજ્યમાં હાલ ૫૩૨૧ એક્ટિવ કેસ છે. જેમાંથી ૧૨ દર્દી વેન્ટિલેટર પર છે. જ્યારે ૫૩૦૯ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોનાને અત્યાર સુધીમાં કુલ ૧૨,૪૬,૯૭૨ દર્દીઓ મ્હાત આપી ચુક્યા છે. જ્યારે રાજ્યમાં કોરોના વાયરસને કારણે કુલ ૧૦,૯૮૫ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

જોકે, જિલ્લા અને કોર્પોરેશન મુજબ કોરોના કેસની વાત કરવામાં આવે તો અમદાવાદ કોર્પોરેશનમાં સૌથી વધુ કેસ નોંધાયા છે.

રોટરી ક્લબ ઓફ કેપિટલ દ્વારા રક્ષાબંધન ઉજવાયું

ગાંધીનગર, તા.૧૦

રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા બ્રહ્માકુમારીઝ સંસ્થા, સે. ૨૮ના સહયોગથી રક્ષાબંધનનું પર્વ ઉજવવામાં આવ્યું હતું. આ પ્રસંગે બ્રહ્માકુમારીઝ સંસ્થાના સંચાલિકા કૈલાસ દીદીના હસ્તે ઉપસ્થિત સૌ રોટરીયન સદસ્યોને રાખડી બાંધીને આશીર્વાદ આપવામાં આવ્યાં હતાં. આ પર્વનું મહત્વ સમજાવતાં પોતાના જીવનમાંથી કોઈ ખોટી આદતો હોય તો છોડવા વિનંતી કરી હતી. ઈસરોના પૂર્વ વૈજ્ઞાનિક બીકે શ્રી રશ્મિભાઈ આચાર્ય દ્વારા બ્રહ્માકુમારીઝ સંસ્થા અને રોટરી ક્લબ સાથે રહીને જે સુંદર કાર્યો કરે છે તે વિશે માહિતી

પૂરી પાડી હતી. સંસ્થાના પ્રમુખ પાર્થ ઠક્કરે બ્રહ્માકુમારીઝ સંસ્થાનો આભાર માનીને પ્રસંગોચિત ઉદબોધન કરતાં સંસ્થા વિશે રસપ્રદ માહિતી પૂરી પાડી હતી. આ કાર્યક્રમમાં ૫૦થી વધારે રોટરીયન સદસ્યો પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા. રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા બ્રહ્માકુમારીઝ સંસ્થાને મોમેન્ટો અર્પણ કર્યો હતો.

સ્વાઈન ફ્લુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરકારી દવાખાને જઈ ટેસ્ટ કરાવવા પણ આગ્રહ કરવામાં આવ્યો છે. દરમ્યાન જિલ્લામાં આજે સ્વાઈન ફ્લુનો કેસ નોંધાયો નથી પરંતુ એક દર્દી રિકવર થતાં તેને રજા આપવામાં આવી છે.

શહેર-જિલ્લામાં હવે સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૧૦ પર પહોંચી છે. જે પૈકી ૮ હાલ સારવાર હેઠળ છે. પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

પરિબળો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરિબળોને ડામવા અને ટ્રાફિકની સુરક્ષિત અવરજવર માટે નવતર આયોજન કરવા માટે વિવિધ માર્ગો પર રાઉન્ડ લઈ સ્થિતિનો તાગ મેળવવામાં આવી રહ્યો છે. જયારે શહેરમાં રોડ સેફટીને અનુલક્ષીને જરૂરી ઠેકાણે બમ્પ બનાવવા , સાઈન બોર્ડસ મુકવા સહીત થર્મોપ્લાસ્ટના પટ્ટા કરવા સહીત ગતિ નિયંત્રણનો યોગ્ય અમલ થાય તે માટે પણ સી સી કેમેરાના માધ્યમથી વાહનચાલકો પાસેથી દંડ વસુલવા માટે પણ નિયમિત કાર્યવાહી થાય તે મુજબનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે. એકબાજુ શહેરમાં માર્ગ સલામતીના મામલે અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. ત્યારે નગરમાં વિવિધ માર્ગો પર રીક્ષા સ્ટેન્ડ નિયત કરાયા નથી જયારે ઠેર ઠેર આડેધડ વાહન પાર્કીંગ થઈ રહ્યા છે જેના લીધે પણ માર્ગ સલામતી જોખમાઈ છે. આ સ્થિતિ વચ્ચે શહેરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વોક વે પર વાહનો દોડવામાં આવે છે. જે માર્ગ સલામતીની દ્રષ્ટિએ વધુ ઘાતક પુરવાર થાય તેમ છે. સ્માર્ટ બનતા નગરમાં માર્ગ સલામતીના મામલે અત્યાર સુધી અનેકવાર માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી અન્વયે નગરની શુભચિંતક સંસ્થા શહેર વસાહત મહામંડળ દ્વારા પણ નગરજનોને જાગૃત કરવા પ્રયાસો કરાયા છે. જયારે માર્ગ સલામતીના પરિબળોને ધ્યાનમાં રાખવાની સાથે યોગ્ય પાર્કીંગ વ્યવસ્થા તેમજ ટ્રાફિક નિયમનનો અમલ થાય તે પણ અનિવાર્ય હોવાનો સુર સ્થાનિકો ઉઠાવી રહ્યા છે.

કોરોનામાં ઉછાળો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડીંગુચામાંથી ૩, નારદીપુર, ખોરજડાભી, પાનસર ગામેથી ૨-૨ કેસ તેમજ મોટી ભોંયણ, પલીયડ, નારોલા, આરસોડિયામાંથી પણ કેસ મળી આવેલ છે.

માણસા તાલુકામાં માણસા શહેર ઉપરાંત સૌલૈયા અને મંડાલી ગામેથી પણ કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જિલ્લામાં આજે નોંધાયેલા તમામ કેસ સાથે હાલ ૧૯૯ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૯૮૫૨ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમણ વધ્યુ હોવાથી તંત્રએ સર્વેલન્સની કામગીરી તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનની નીતિનો અમલ અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરવામાં આવી છે.

રજૂઆત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નિયમાનુ ઉલ્લંઘન કરીને શાળાના આચાર્યો અને મેનેજમેન્ટની મીઠી નજર હેઠળ શાળાના જ પરિસરમાં શાળાના શિક્ષકો દ્વારા ટયુશન કરવામાં આવી રહ્યા છે. જયારે અન્યને કમિશન આપીને પણ કોચિંગ ક્લાસ ચલાવામાં આવી રહ્યા છે. જયારે આ માટે વિદ્યાર્થીઓને યેનકેન પ્રકારે દબાણ કરીને આંતરિક ગુણ આપવાની લાલચ આપી કોચિંગમાં આવવા માટે ફરજ પાડવામાં આવી રહી છે. આ ગતિવિધિ બંધ કરાવવા માટે તેમજ કડક પગલા લેવા માટે પણ રજુઆતમાં જણાંવાયુ છે. શાળાઓમાં ચાલતી આ ગેરકાયદેસર અને વિદ્યાર્થી વિરોધી પ્રવૃતિ બંધ કરાવવા માટે નક્કર પગલા લેવામાં નહીં આવે તો એસોસિએશન દ્વારા આ મામલે ગાંધી ચિંધ્યા માર્ગે લડત આપવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાં શાળામાં શિક્ષણ આપતા સરકારી , ખાનગી તેમજ પ્રવાસી શિક્ષકો દ્વારા ગેરકાયદેસર ટ્યુશન કરતા શિક્ષકોની યાદી પણ એસોસિએશને રજુઆત સાથે સામેલ કરી છે.

શપથ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિજયી બની શકશે? તેમણે તમામ વિપક્ષોને ૨૦૨૪માં ભેગા થવાનું આહ્વાન કરતા પીએમની ખુરશીનો ઉલ્લેખ કર્યા વિના એવી સ્પષ્ટતા પણ કરી હતી કે તેમને કોઈ પદનો મોહ નથી.

આજે યોજાયેલા શપથગ્રહણમાં માત્ર નીતિશ અને તેજસ્વીએ જ શપથ ગ્રહણ કર્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ટૂંક જ સમયમાં સરકારમાં નવા મંત્રીઓનો સમાવેશ કરાશે. એવું પણ જાણવા મળી રહ્યું છે કે આરજેડી અને જેડીયૂ વચ્ચે વિભાગોની વહેંચણી પણ નક્કી થઈ ચૂકી છે. અગાઉ તેજસ્વીએ ગૃહ વિભાગ માગ્યું હોવાના અહેવાલ હતા, પરંતુ નીતિશ ગૃહ વિભાગ પોતાની પાસે જ રાખશે તેવું હાલ જાણવા મળી રહ્યું છે. સૂત્રોનું માનીએ તો, આ વખતે સરકારમાં આરજેડીના સૌથી વધુ મંત્રી હોય તો નવાઈ નહીં, કારણકે પક્ષ પાસે સૌથી વધુ બેઠકો પણ છે.

ઠાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિસ્તારના વાટરહેલમાં આતંકવાદીઓની હાજરીની સૂચના મળી હતી. આ પછી તેમને ઘેરાબંધી કરી હતી. તલાશી અભિયાન દરમિયાન આતંકવાદીઓએ સુરક્ષાબળો પર ગોળીઓ ચલાવવાની શરૂઆત કરી હતી. સુરક્ષાબળોએ વળતો પ્રહાર કર્યો હતો. ઉલ્લેખનીય છે કે જમ્મુ કાશ્મીરમાં સુરક્ષા બળોનું ઓલઆઉટ ઓપરેશન યથાવત છે જેમાં આતંકીઓને શોધી-શોધીને ઠાર કરવામાં આવી રહ્યા છે. આઈજીપી કાશ્મીરના મતે છેલ્લા ૬ મહિના દરમિયાન સુરક્ષા બળોએ ૧૧૧ આતંકીઓને ઠાર કર્યા છે. જેમાં ૭૭ આતંકી પાકિસ્તાન પ્રાયોજિત લશ્કર-એ-તૈયબાના સદસ્ય હતા.

લાગણીનો મેળો

● અનુસંધાન પાન-૪નું ચાલુ

મોજ માણતા લોકોને ટીકી ટીકીને નિહાળી રહી હતી.

એક ભાઈની નજર આ છોકરી પર પડી. એને પાસે બોલાવી. પણ એ છોકરી ખચકાતી હતી. છતાં થોડી હિંમત કરીને એ નજીક આવી. પેલા ભાઈએ પૂછ્યું, 'તારે લસ્સી પીવી છે ! છોકરીએ 'હા' પાડી એ સાથે મોંઢામાં પાણીએ છૂટી ગયું! આ છોકરી માટે ડ્રાયફ્રૂટ સ્પેશયલ લસ્સી મંગાવી. લસ્સીનો ગ્લાસ છોકરીના હાથમાં આપ્યો. છોકરી વિસ્મત ભરી નજરે લસ્સીની ઉપર કાજુ બદામને જોઈ રહી. એણે પેલા ભાઈ સામે આભાર ભરી નજરે બોલી, 'શેઠ, જિંદગીમાં કયારેય આવું પીધું નથી. એની સુગંદ પણ મજેદાર છે. એ લસ્સીનો ગ્લાસ પીવા માટે હોઠને અડાડે ને તત્ક્ષણ પીધા વિના દુકાનદારને પાછો આપતાં કહેવા લાગી, ભાઈ મને આ લસ્સી પેક કરી દો ને, ગમે તે કોથળીમાં ભરી આપશો તો પણ ચાલશે. દુકાનદાર ગુસ્સે પણ થયો. પણ રૂંધાયેલા અવાજે છોકરી બોલી, 'ભાઈ, આ લસ્સી ખૂબ સારી છે. પણ નાનો ભાઈ ઘેર છે એને આવી લસ્સી કયારે પીવા મળશે ?'

'મારા ભઈલા માટે લઈ જવી છે એટલે પેક કરી આપો ને !' આ શબ્દો એ દરેક પુરુષની આંખમાં ખૂણા ભીંજવી દીધા. કારણ બધાંને પોતાની બહેન યાદ આવી ગઈ.

દોસ્તો, પોતાના ભાગનું કે પોતાના નસીબનું જે કંઈ હોય એ એક બહેન પોતાના ભાઈ માટે કુરબાન કરી દે છે. પ્રેમનું સાક્ષાત સ્વરુપે એટલે બહેન... રક્ષાબંધન તો પ્રેમ પર્વ છે. ભાઈ-બહેનના પ્રેમની કવિત શોધવી હોય તો છેક ચં.ચી મહેતાનાં 'ઈલા કાવ્યો' યાદ કરવા પડે. અર્વાચીન કાળમાં તો એનો દુકાળ છે... ભાઈ-બહેનનો સંબંધ અમૂલ્ય છે, પણ આજે શિક્ષણ, કલા કે સાહિત્યને ભાઈ-બહેનના સંબંધોનો પોંખવાનો રસ રહ્યો હોય એવું જણાતું નથી.... એથી એ આગળ One child Family એ આપણી અવદશા કરી છે ! મહાત્મા ગાંદીએ કાચા સૂતરનાં તાંતણે આપણને સ્વરાજ અપાવ્યું અને આપણા ઋષિમુનિઓ પ્રાચીન સમાજશાસ્ત્રીઓએ એવા જ કાચા સૂતરનાં તાંતણે ભાઈ-બહેનનો પ્રેમ અમર બનાવી દીધો. સદુદેશથી શરૂ થયેલી રૂઢિમાં કાળાંતરે અનિષ્ઠો એ સત્વ હણી લીધું હશે. પણ પર્વનું મહાત્મ્ય ઝાંખું નથી પડ્યું.

ટૂંકમાં ભાઈ-બહેન પરસ્પર પ્રેરક, પોષક અને પૂરક છે. એ વાતનું સ્મરણ રક્ષાબંધનનું પર્વ કરાવે છે. છેલ્લે પ્રત્યેક બહેનના હૈયાની ભાવના કવયિત્રી યામિની વ્યાસના શબ્દોમાં...

'કુમકુમ તિલકથી વધાવું રે ભાલ પર
ટપકું એક કાળું લગાવું રે ગાલ પર
પાંચે પકવાન આજ રાંધુ
રે વીરલાને વહાલપણાના તાંતણાથી બાંધુ.'

સ્પર્શમણિ :

અમુક સંબોધન પાસવર્ડ જેવા હોય છે, એ નામે સંબોધન કરો એટલે માણસ ખૂલી જાય છે.

●●●

ભાઈ-બહેનના સંબંધમાં એટલો જ ફરક છે કે રડાવીને જે મનાવી લે એ ભાઈ અને રડાવીને જે પોતે રડી પડે એ બહેન.